## પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામમાં ચુંટણી રેલી સંબોધતા કહ્યું કે આસામમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ ટૂંક સમયમાં ચિપ્સનું ઉત્પાદન શરૂ કરશે, જે આધુનિક ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવશે**

2) **એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં કોલકાતાના અનેક વિસ્તારોમાં દરોડાની કાર્યવાહી**

3) **પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને પગલે ઓઇલ વિતરણ કંપનીઓએ મહાનગરોમાં કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં 195 રૂપિયા 50 પૈસાનો વધારો કર્યો**

4) **વસ્તી ગણતરી-2027ના પ્રથમ તબકકાનો આજથી આરંભ**

5) **IPL ક્રિકેટમાં લખનઉ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે આજે લખનઉમાં મુકાબલો.**

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના ગોગામુખમાં એક વિશાળ રેલીને સંબોધિત કરતાં જણાવ્યું કે છેલ્લા 10 વર્ષમાં આસામમાં સુશાસન અને સેવાનો એક નવો યુગ શરૂ થયો છે.  આસામ વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ શ્રી મોદીની આ પહેલી જાહેર સભામાં આ વખતે જીતની હેટ્રિક નિશ્ચિત હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો છે.

પ્રધાનમંત્રીએ "વિકસિત આસામને વિકસિત ભારતમાં" રૂપાંતરિત કરવાના વિશ્વાસ સાથે ભાજપ અને એનડીએ સરકાર ત્રીજી વખત સત્તામાં પરત ફરશે તેઓ આશાવાદ દર્શાવ્યો. તેમણે કહ્યું કે તાજેતરના વર્ષોમાં 22 લાખથી વધુ પરિવારોને પાકા મકાનો પૂરા પાડવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ શિક્ષણ ક્ષેત્રે પણ એક મહત્વપૂર્ણ વચન આપ્યું હતું, જેમાં કહ્યું હતું કે ગરીબ પરિવારોના બાળકોને કિન્ડરગાર્ટનથી અનુસ્નાતક સ્તર સુધી મફત શિક્ષણ મળશે.સેમીકન્ડકટર અંગે શ્રી મોદીએ જણાવ્યું કે આસામમાં સેમીકન્ડકટર પ્લાન્ટ ટૂંકમાં શરૂ થશે.

(બાઈટ – પીએમ આસામ બાઈટ)

મહિલા સશક્તિકરણનો ઉલ્લેખ કરતા, તેમણે "લખપતિ દીદી અભિયાન" વિશે વાત કરી, જેના કારણે આ યોજના હેઠળ આસામની લગભગ ત્રણ લાખ મહિલાઓ "લખપતિ બાયદેઉ" બની ચૂકી છે. આસામ સરકારની ઓરુનોદોઈ યોજના, મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને

ગરીબી નિવારણ માટે એક મુખ્ય સીધી લાભ ટ્રાન્સફર યોજના, 2 ઓક્ટોબર, 2020 ના રોજ શરૂ કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે આસામ એક સમયે ફક્ત ચા માટે જાણીતું હતું, પરંતુ હવે રાજ્ય ટેકનોલોજીના ક્ષેત્રમાં પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે આસામમાં એક સેમિકન્ડક્ટર પ્લાન્ટ ટૂંક સમયમાં ચિપ્સનું ઉત્પાદન શરૂ કરશે, જે રાજ્યને આધુનિક ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવશે. પ્રધાનમંત્રીએ કહ્યું, "ભવિષ્યમાં, મોબાઇલ ફોન, વાહનો, ટેલિવિઝન અને રેફ્રિજરેટર જેવા ઘણા ઉપકરણો આસામમાં બનેલા ચિપ્સ પર ચાલશે. વિકસિત આસામ માટે આ અમારો રોડમેપ છે."

# DAY PREZ-VP-PM ODISHA DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાના લોકોને ઓડિશાના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આ પ્રસંગ રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, કાલાતીત પરંપરાઓ અને લોકો પ્રત્યેના સમર્પણની ઉજવણી કરે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશના સ્વતંત્રતા સંગ્રામ અને રાષ્ટ્ર નિર્માણમાં ઓડિશાનું અમૂલ્ય યોગદાન દરેકને પ્રેરણા આપતું રહેશે. તેમણે ઓડિશાના લોકોની સતત પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી.

ઉપરાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં નાગરિકોને રાજ્યને શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિના માર્ગ પર આગળ વધવા અને વિકસિત ભારતના વિઝનમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા અનુરોધ કર્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓડિશા એક એવું રાજ્ય છે જે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહાનતાનું શાશ્વત પ્રતીક છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓડિશાના લોકોએ, જે તેમના દૃઢ નિશ્ચય, સરળતા અને ઉષ્મા માટે જાણીતા છે. તેમણે શુભેચ્છા પાઠવી કે ઓડિશા આગામી સમયમાં પ્રગતિની નવી ઊંચાઈઓ સર કરે.

# KOLKATA-ED RAIDS

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં કોલકાતાના અનેક વિસ્તારોમાં દરોડા પાડી રહ્યું છે. સાયબર છેતરપિંડીના આરોપસર ગઈકાલે કોલકાતામાં ધરપકડ કરાયેલા ઉદ્યોગપતિ પાબન રુઈયાને આજે અદાલતમાં રજૂ કરવામાં આવશે. પોલીસે પાબન રુઈયા અને રાઘવ રુઈયા વિરુદ્ધ 315 કરોડ રૂપિયાના સાયબર છેતરપિંડીના સંદર્ભમાં બે કેસ નોંધ્યા હતા. જોકે તેમણે તેમની સંભવિત ધરપકડ સામે કોલકાતા વડી અદાલતમાં અપીલ કરી હતી, જોકે અદાલતે તેમની અરજી ફગાવી દીધી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAY LPG PRICE HIKE

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને પગલે ઓઇલ વિતરણ કંપનીઓએ મહાનગરોમાં કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં 195 રૂપિયા 50 પૈસાનો વધારો કર્યો છે. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડની વેબસાઇટ અનુસાર દિલ્હીમાં કોમર્શિયલ LPG સિલિન્ડરનો છૂટક ભાવ હવે બે હજાર 78 રૂપિયા અને 50 પૈસા જ્યારે કોલકાતામાં બે હજાર 208, મુંબઈમાં બે હજાર એકત્રીસ અને ચેન્નાઈમાં બે હજાર 246 રૂપિયા 50 પૈસા થયો છે. 19 કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરનો સુધારેલો ભાવ આજથી અમલમાં આવશે.

દરમિયાન પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઇંધણના ભાવમાં અનિશ્ચિતતા હોવા છતાં દેશમાં ઘરેલુ LPG સિલિન્ડરના ભાવ યથાવત રહ્યા છે.

# REV. CENSUS 2027

વસ્તી ગણતરી-2027નો પ્રથમ તબક્કો આજથી શરૂ થશે. આ વખતની વસ્તી ગણતરી કવાયત વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી હશે. પ્રથમ વખત, વસ્તી ગણતરી ડિજિટલ રીતે હાથ ધરાશે અને સ્વ-ગણતરીનો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે. સ્વ-ગણતરી આજથી આ મહિનાની ૧૫મી તારીખ સુધી ચાલશે. 16 એપ્રિલથી 15 મે સુધી એક મહિના માટે આંદામાન અને નિકોબાર ટાપુઓ, દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડ, ગોવા, કર્ણાટક, લક્ષદ્વીપ, મિઝોરમ, ઓડિશા અને સિક્કિમમાં ઘરોની યાદી અને રહેઠાણ ગણતરી હાથ ધરાશે. ઘર યાદી - HLO અને વસ્તી ગણતરીમાં પહેલી માર્ચ 2027ને સંદર્ભ તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે.

દેશભરમાં 2027ની વસ્તી ગણતરીમાં 30 લાખથી વધુ ગણતરીકારો, સુપરવાઈઝર અને અન્ય અધિકારીઓ સામેલ થશે. બીજો તબક્કો, આવતા વર્ષે ફેબ્રુઆરી દરમિયાન હાથ ધરવામાં આવશે. તે વય, લિંગ, વ્યવસાય, સાક્ષરતા અને જાતિની વિગતો સહિત વ્યક્તિગત-સ્તરના ડેટા એકત્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. કેન્દ્ર સરકારે 2027ની વસ્તી ગણતરી માટે 11 હજાર 718 કરોડ રૂપિયાથી વધુના ખર્ચને મંજૂરી આપી છે.

# NEW FINANCIAL AMENDMENTS

નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે, આજથી મુખ્ય નાણાકીય નિયમોમાં ફેરફાર સહિત અનેક સુધારાઓ અમલમાં આવશે.

છ દાયકાથી વધુ જૂના કાયદાના સ્થાને નવો આવકવેરા કાયદો, 2025 આજથી અમલી બનશે. જે જટિલ નિયમોને સુવ્યવસ્થિત કરી કરદાતાઓ માટે કાયદાના અનુપાલનને વધુ સરળ બનાવવાની સાથે કર પ્રણાલીને પણ સરળ બનાવશે.

ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશ મુજબ, દેશમાં તમામ ડિજિટલ ચુકવણી વ્યવહારો માટે આજથી બે-પરિબળ પ્રમાણીકરણના ધોરણોને પૂર્ણ કરવાની જરૂર પડશે. નાણાકીય વર્ષ 2026-27 માટે સુધારેલી FASTag વાર્ષિક પાસ ફી પણ આજથી અમલમાં આવશે. કાયમી ખાતા નંબર PAN કાર્ડ માટે અરજી કરવા અથવા અપડેટ કરવા માટેના સુધારેલા નિયમો પણ અમલી બનશે.

# J&K PMB LISTED-BILL

જમ્મુ અને કાશ્મીરમાં આજે વિધાનસભામાં 64 ખાનગી સભ્ય વિધેયક વિચારણા માટે સૂચિબદ્ધ છે. અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ બધાની નજર ધારાસભ્ય તનવીર સાદિકના વિધેયક પર રહેશે, જે હાલના ભાડાપટ્ટાધારીઓ માટે ભાડાપટ્ટા નવીકરણ કરવાનો પ્રયાસ કરે છે. આ વિધેયક જમ્મુ અને કાશ્મીર જમીન ગ્રાન્ટ નિયમો, 2022 ની અસર ઘટાડવાનો પ્રયાસ કરે છે.

તનવીર સાદીકના વિધેયક પર સરકારનું વલણ ખાસ કરીને ગુલમર્ગમાં હોટલ વ્યવસાઇકો માટે ભાડાપટ્ટાની સમાપ્તિને ધ્યાનમાં રાખીને છે. 2022 માં લેફ્ટનન્ટ ગવર્નરની આગેવાની હેઠળની સરકાર દ્વારા જારી કરાયેલ જમ્મુ અને કાશ્મીર જમીન ગ્રાન્ટ નિયમોમાં એવી જોગવાઈ છે કે હાલના અથવા સમાપ્ત થયેલા રહેણાંક ભાડાપટ્ટા સિવાયના તમામ ભાડાપટ્ટાને સમાપ્ત ગણવામાં આવશે. નિયમોમાં જણાવાયું છે કે આવા ભાડાપટ્ટાની નવેસરથી હરાજી કરવામાં આવશે.

# ECI - SUSPENDS BLO

પશ્ચિમ બંગાળમાં રાણાઘાટમાં તાલીમ સત્ર દરમિયાન મતદાન અધિકારી પર થયેલા હુમલા બાદ ચૂંટણી પંચે નાદિયા જિલ્લાના બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર સાયંતન ભટ્ટાચાર્યને સસ્પેન્ડ કર્યા છે. પંચે રાજ્યના મુખ્ય સચિવને તેમની સામે તાત્કાલિક વિભાગીય તપાસ શરૂ કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

પંચના જણાવ્યા અનુસાર, તાલીમ કાર્યક્રમના હવાલા છતાં ભટ્ટાચાર્ય નિર્ધારિત પ્રોટોકોલનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે.

# AL-QAEDA-INSIDE IRAN

અમેરિકાએ ઇરાનમાં અલ-કાયદા સાથે જોડાયેલા લોકો સંભવિત લક્ષ્યો હોવાનો સંકેત આપ્યો છે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે પેન્ટાગોનમાં એક પત્રકારોને જણાવ્યું કે ઇરાન સામે લશ્કરી કાર્યવાહી ચાલુ હોવા છતાં અમેરિકા આતંકવાદ વિરોધી કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

તેમણે ઉમેર્યું કે જૂથ સાથે સંકળાયેલા અને ઇરાનમાં કાર્યરત કોઈપણ વ્યક્તિઓને કાયદેસર લક્ષ્યો તરીકે ગણવામાં આવશે.

# INTERNATIONAL BOOKER PRIZE

ભારતીય મૂળના કેનેડિયન-અમેરિકન લેખિકા અને અનુવાદક પદ્મા વિશ્વનાથનને આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર 2026 માટે નામાંકિત કરવામાં આવ્યા છે. તેમને બ્રાઝિલિયન લેખિકા એના પૌલા માયાની નવલકથા "ઓન અર્થ એઝ ઇટ ઇઝ બીનીથ" ના તેમના અંગ્રેજી અનુવાદ માટે પસંદ કરવામાં આવ્યા છે.

પૂર્વના દેશોમાં “મેઇન બુકર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર” તરીકે ઓળખાતો આ પુરસ્કાર અંગ્રેજી સિવાયની અન્ય ભાષામાં લખાયેલ અને ત્યારબાદ અંગ્રેજીમાં અનુવાદિત કરેલ હોય અને જેને અને યુકે અથવા આયર્લેન્ડમાં પ્રકાશિત કરવામાં આવેલ હોય તેવા સાહિત્યને આપવામાં આવે છે.

આ પુરસ્કારના વિજેતાને 50,હજાર ડોલરની ઇનામ રકમ આપવામાં આવે છે. જે જે વિજેતા લેખક અને અનુવાદક વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવે છે. વિજેતાની જાહેરાત 19 મેના રોજ લંડનમાં ટેટ મોર્ડન ખાતે એક સમારોહમાં કરવામાં આવશે.

# IPL CRICKET TODAY

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો થશે. લખનઉના ભારતરત્ન શ્રી અટલબિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે. લખનઉની ટીમ રિષભ પંત અને દિલ્હીની ટીમ અક્ષર પટેલની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે. ગઈકાલે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સની ટીમે ગુજરાત જાયન્ટ્સને હરાવ્યું હતું.

IPLના પૉઈન્ટ ટેબલમાં હાલ રાજસ્થાન રોયલ્સ પહેલા,પંજાબ કિંગ્સ ચોથા અને દિલ્હી કૅપિટલ્સની ટીમ છઠ્ઠા ક્રમાંક પર છે.